# આર ઈ.  ઈ. વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી મહાવિધ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા ની સ્વામીનારાયણ સંસ્થા બીએપીએસના સ્વામીશ્રીઓ, બોચાસણ તથા પ્રગતિશીલ ખેડૂતોએ મુલાકાત લીધી

રિન્યુએબલ એનર્જિ એંજીન્યરિંગ વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજ,  આણંદ કૃષિ યુનિવર્સિટી,  ગોધરા ખાતે ભારત સરકારની રાસ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત Development of renewable energy facilities for energy harvesting through solar and biomass energy at College of Agricultural Engineering & Technology, AAU, Godhra  ચાલી રહેલ છે.  સદર પ્રોજેક્ટ અંતર્ગત પુનઃપ્રાપ્ય ઉર્જા હાર્વેસ્ટિંગ સવલતો વિકસાવવામાં અને સ્થાપિત કરવામાં આવેલ છે. સ્વામીનારાયણ સંસ્થા બીએપીએસના પૂ. ગોવિંદવલ્લભ સ્વામી તથા પૂ. દેવકૃષ્ણ સ્વામી, બોચાસણ અને તેમની સાથે પટેલ પ્રિતેશભાઈ હર્ષદભાઈ (પ્રગતિશીલ ખેડૂત : ગુલાબની વૈજ્ઞાનિક ખેતી), મુ. પો. રસનોલ, તા. આણંદ, જિલ્લો આણંદ દ્વારા તારીખ ૨૦/૦૪/૨૦૨૩ના રોજ મુલાકાત લેવામાં આવી. જેમાં સદર  પ્રોજેક્ટમાં વિકસાવેલ તથા પ્રસ્થાપિત કરેલ સોલર ટનેલ ડ્રાયરમાં સૌર ઉર્જા દ્વારા આદું, બીટરુટ, મરચાં જેવા પાકોની સુકવણી કેવી રીતે કરવી તથા સોલર ટનેલ ડ્રાયરનો ઉપયોગ ઉચ્ચ મૂલ્ય ધરાવતા ફળ પાકો, શાકભાજીની સુકવણી કરવા વિશે તથા પ્રોજેક્ટ અંતર્ગત પ્રસ્થાપિત કરેલ જુદા જુદા પ્રકારની સોલર પેનલો દ્વારા થતું ઉર્જા ઉત્પાદન વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

